પ્રતિ શ્રી સેક્રેટરી જનરલ,

રાજ્યસભા,

સંસદ ભવન,

નવી દિલ્હી-110001

માનનીય સાહેબશ્રી,

વિદેશ પ્રધાન શ્રી સલમાન ખુર્શીદ બંધારણમાં સુધારો કરીને ભારતના ચોક્કસ પ્રદેશો હસ્તગત કરીને બાંગ્લાદેશને ટ્રાન્સફર કરવા માટે ખરડો લાવવાનું કહી રહ્યા છે. તે ખરડો બંધારણની કલમ 119 (એક સો ઓગણીસ) સુધારણા ખરડો, 2013 તરીકે તેઓ ગણાવી રહ્યા છે. હું તે ખરડો લાવવા સામે વિરોધ વ્યક્ત કરૂં છું. સૂચિત ખરડા સામે મારો વિરોધ તેની વૈધાનિક યોગ્યતા પર છે, કારણ ભારતીય સંસદને ભારતના પ્રદેશો બદલવા માટે બંધારણમાં સુધારો કરવાની સત્તા બંધારણની કલમ 368 હેઠળ મર્યાદિત છે. તે કલમ જણાવે છે કે બંધારણના મૂળભૂત માળખામાં ફેરફારો કરી શકાય નહીં. વર્ષ 1973 પછી બંધારણની મૂળભૂત સંરચનાના સિધ્ધાંત દ્વારા રજૂ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ જણાવે છે કે ભારતના પ્રદેશોના માળખામાં ફેરફારો કરવા બંધારણમાં

સુધારો કરીને તેને ઘટાડી કે બદલી શકાય નહીં. આ ખરડો રજૂ થાય ત્યારે તેનો વિરોધ કરવાની મને પરવાનગી આપવા હું અનુરોધ કરૂં છું.

આપનો વિનમ્ર,

**(અરુણ જેટલી)**